છેલ્લાં ૫૦ વર્ષમાં ૨૨૦ ભાષાઓ લુપ્ત થઈ ગઈ છે

માતૃભાષા માત્ર વાતચીતનું માધ્યમ નથી, પરંતુ કોઈપણ સમાજની ઓળખ, સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરા અને સામૂહિક સ્મૃતિનો જીવંત વારસો છે. વ્યક્તિ પોતાની માતૃભાષામાં જ સૌથી સહજ રીતે વિચારી શકે છે, લાગણીઓ વ્યક્ત કરી શકે છે અને પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલો રહી શકે છે. દરેક ભાષામાં તેના સમાજનો ઈતિહાસ, લોકસાહિત્ય, લોકજ્ઞાન, પ્રકૃતિ

વિશેની સમજ અને અનેક પેઢીઓનો અનુભવ સમાયેલો હોય છે. તેથી જ્યારે કોઈ ભાષા લુપ્ત થાય છે, ત્યારે માત્ર શબ્દો જ નહીં, પરંતુ સમગ્ર માનવજાત પોતાના સાંસ્કૃતિક વારસાનો એક અમૂલ્ય ભાગ ગુમાવે છે.

પ્રતિષ્ઠિત જર્નલ 'સાયન્સ'માં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં સ્પેન, અમેરિકા અને જર્મનીના વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨ હજાર વર્ષના ભાષાકીય ઈતિહાસનું ગાણિતિક મોડેલ તૈયાર કરીને ભાષાકીય વૈવિધ્યનું પુનર્નિર્માણ કર્યું છે. અભ્યાસ મુજબ આજે વિશ્વમાં આશરે ૭,૫૦૦ ભાષાઓ બોલાય છે, પરંતુ ઈ.સ. પૂર્વે પહેલી સદીથી ઈ.સ.ની પહેલી સદી વચ્ચે વિશ્વમાં અંદાજે ૩૦ હજારથી ૭૫ હજાર ભાષાઓ જીવંત હતી. યેલ યુનિવર્સિટીના ભાષાશાસ્ત્રી પ્રોફેસર ક્લેર બોવર્નના જણાવ્યા મુજબ આ તારણ દર્શાવે છે કે ભાષાકીય વૈવિધ્યનું શિખર અગાઉ માનવામાં આવતું હતું તેના કરતાં વધુ તાજેતરના ઈતિહાસમાં આવ્યું હતું.

ભાષાના લુપ્ત થવાનું સૌથી કરુણ ઉદાહરણ ભારતમાં આંદામાન-નિકોબાર ટાપુઓમાં જોવા મળે છે. ૪ એપ્રિલ, ૨૦૨૦ના રોજ ગ્રેટ આંદામાન જનજાતિની મહિલા લિચોના અવસાન સાથે 'સારે' ભાષાનો પણ અંત આવ્યો. લિચો આ ભાષા બોલનારી છેલ્લી વ્યક્તિ હતી. પોતાના અંતિમ દિવસોમાં પણ તેમણે પોતાના સમુદાયને માતૃભાષા જાળવી રાખવા સમજાવ્યું, પરંતુ નવી પેઢી અન્ય ભાષાઓ તરફ વળી ગઈ. તેમના અવસાન સાથે માત્ર એક ભાષા જ નહીં, પરંતુ તેમાં રહેલું પરંપરાગત જ્ઞાન, લોકસ્મૃતિ અને પ્રકૃતિ અંગેની સમજ પણ હંમેશા માટે ખોવાઈ ગઈ. આ પહેલાં ગ્રેટ આંદામાન ભાષા પરિવારની 'બો' અને 'ખોરા' ભાષાઓ પણ લુપ્ત થઈ ચૂકી છે, જ્યારે 'જેરુ' અને 'જરાવા' જેવી ભાષાઓ આજે પણ ગંભીર જોખમ હેઠળ છે.

યુનેસ્કોના 'એટલાસ ઑફ ધ વર્લ્ડ્સ લેંગ્વેજિસ ઈન ડેન્જર' મુજબ વર્ષ ૧૯૫૦ પછી વિશ્વમાં ૨૩૦થી વધુ ભાષાઓ લુપ્ત થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૭ના સુધારેલા અહેવાલમાં વિશ્વની ૨,૪૬૪ ભાષાઓને લુપ્તપ્રાય ગણાવવામાં આવી હતી. તેમાં ભારત સૌથી વધુ ચિંતાજનક સ્થિતિમાં છે.

ભાષા માત્ર સંવાદનું સાધન નથી; તે કોઈ પણ સમાજની ઓળખ, સંસ્કૃતિ, પરંપરા, ઇતિહાસ અને સામૂહિક સ્મૃતિનો જીવંત વારસો છે

ભારતમાં ૧૯૭ ભાષાઓ લુપ્ત થવાના જોખમમાં છે. અમેરિકા ૧૯૧ અને બ્રાઝિલ

ટાઈમ લાઈન

સંજય વોરા

૧૯૦ લુપ્તપ્રાય ભાષાઓ સાથે અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે. પીપલ્સ લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઈન્ડિયા (PLSI)ના અભ્યાસ મુજબ છેલ્લા ૫૦ વર્ષમાં ભારતમાં ૨૨૦ ભાષાઓ લુપ્ત થઈ ચૂકી છે, જ્યારે લગભગ ૬૦૦ ભાષાઓ આજે પણ જોખમ હેઠળ છે.

વિશ્વભરની ભાષાઓ પર નજર રાખતી સંસ્થા 'એથ્નોલોગ'ના અહેવાલ મુજબ હાલમાં વિશ્વમાં બોલાતી ૭,૧૩૯ ભાષાઓમાંથી ૩,૦૧૮ ભાષાઓ લુપ્ત થવાના વિવિધ તબક્કામાં છે. વિશ્વની અડધી વસ્તી માત્ર ૨૪ ભાષાઓ બોલે છે, જ્યારે બાકીની અડધી વસ્તી લગભગ ૭,૦૦૦ ભાષાઓનો ઉપયોગ કરે છે. વિશ્વની લગભગ અડધી ભાષાઓ ૧૦ હજારથી ઓછા લોકો દ્વારા બોલાય છે અને વિશ્વની કુલ વસ્તીના માત્ર એક ટકા લોકો લગભગ ૫ હજાર જેટલી ભાષાઓને જીવંત રાખે છે. તેથી આ નાની ભાષાઓ સૌથી વધુ જોખમમાં છે.

ભાષાઓના લુપ્ત થવા પાછળ વૈશ્વિકરણ, સ્થળાંતર, શહેરીકરણ, શિક્ષણ અને રોજગારમાં મોટી ભાષાઓને મળતું પ્રાધાન્ય, સામાજિક પ્રતિષ્ઠાની માનસિકતા અને આબોહવા પરિવર્તન જેવા અનેક પરિબળો જવાબદાર છે. ભારતમાં હિન્દી અને અંગ્રેજીના વધતા પ્રભાવને કારણે અનેક સ્થાનિક અને આદિવાસી ભાષાઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. PLSIના પ્રમુખ ગણેશ દેવીના જણાવ્યા મુજબ ખાસ કરીને વિચરતી જાતિઓ અને દરિયાકાંઠાના સમુદાયોની ભાષાઓ સૌથી વધુ સંકટમાં છે. પશ્ચિમ બંગાળની ટોટો ભાષા પણ આ જ કારણોસર ધીમે ધીમે અસ્તિત્વ ગુમાવી રહી છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન લેંગ્વેજિસ (CIIL)એ અત્યાર સુધીમાં ૧૧૭ લુપ્તપ્રાય ભારતીય ભાષાઓની ઓળખ કરીને તેમના દસ્તાવેજીકરણનું કાર્ય શરૂ કર્યું છે. જોકે માત્ર સરકારી પ્રયાસો પૂરતા નથી. પરિવાર, શાળા અને સમાજે નવી પેઢીમાં માતૃભાષા પ્રત્યે ગૌરવની ભાવના જગાવવી પડશે. ઘરમાં માતૃભાષાનો ઉપયોગ, સ્થાનિક ભાષાના સાહિત્યનું વાંચન, લોકસાહિત્યનું સંવર્ધન અને ભાષાઓનું ડિજિટલ દસ્તાવેજીકરણ સમયની જરૂરિયાત છે. ભાષા કોઈપણ સમાજની આત્મા છે. તેમાં લોકગીતો, લોકકથાઓ, ઔષધીય જ્ઞાન, પ્રકૃતિ વિશેની સમજ અને પૂર્વજોની જીવનશૈલી સચવાયેલી હોય છે. તેથી માતૃભાષાનું સંરક્ષણ કરવું એટલે પોતાના અસ્તિત્વ, સંસ્કૃતિ અને ઈતિહાસનું સંરક્ષણ કરવું. જો આપણે આજે જાગૃત નહીં બનીએ, તો આવનારી પેઢીઓ હજારો ભાષાઓને માત્ર ઈતિહાસના પાનાંઓમાં જ વાંચી શકશે. માતૃભાષા બચાવવાનો સમય હજુ ગયો નથી, પરંતુ તેના માટે આજે જ સંકલ્પ અને સતત પ્રયાસ જરૂરી છે.

સમાજનો કાન આમળતી અદાલત 'શાંતતા! કોર્ટ ચાલુ આહે'

મરાઠી રંગભૂમિ અને સમગ્ર ભારતીય નાટ્યજગતમાં એક યુગપ્રવર્તક કૃતિ તરીકે જીવંત રહેલું નાટક એટલે 'શાંતતા! કોર્ટ ચાલુ આહે'. ૧૯૬૭માં પ્રખ્યાત નાટકકાર વિજય તેંડુલકર દ્વારા લખાણ પામેલું આ સામાજિક ડ્રામા આજે છ દાયકા પછી પણ એટલું જ પ્રાસંગિક, ધારદાર અને ચિંતનપ્રેરક લાગે છે. આ નાટક માત્ર મનોરંજન નથી, પરંતુ આપણી આસપાસ પથરાયેલા સામાજિક દંભ, નૈતિકતાના નામે ચાલતા નાટક અને પુરુષપ્રધાન માનસિકતાના ચહેરા પરથી માસ્ક ઉતારી ફેંકતી એક સબળ આલેખના છે.

નાટકની શરૂઆત અત્યંત હળવી, નિખાલસ અને મનોરંજક શૈલીમાં થાય છે. એક શહરી નાટક મંડળી (અમેચ્યોર થિયેટર ગ્રુપ) ગામડાના એક હોલમાં પોતાનો શો કરવા પહોંચે છે. નાટક શરૂ થવામાં હજુ વાર હોય છે અને એક સ્થાનિક કલાકાર ગેરહાજર હોવાથી, સમય પસાર કરવા માટે મંડળીના સભ્યો એક 'મોક ટ્રાયલ' (બનાવટી અદાલત) રમવાનું નક્કી કરે છે. રમતમાં જ રમતમાં મુખ્ય પાત્ર લીલા બેનારે (જે વ્યવસાયે શિક્ષિકા છે) પર બાળહત્યાનો કાલ્પનિક આરોપ મૂકવામાં આવે છે.

પરંતુ, ક્ષણવારમાં નિર્દોષ લાગતી આ રમત એક અત્યંત દર્દનાક અને અંગત પ્રહારોના ખેલમાં ફેરવાઈ જાય છે. હાસ્ય-મજાકમાંથી શરૂ થયેલી પ્રક્રિયા અચાનક ગંભીર બની જાય છે. બેનારેનું અંગત જીવન, તેની પ્રેમ સંબંધોની પસંદગીઓ અને પરિણિત પ્રોફેસર દામલે સાથેનો તેનો ગુપ્ત સંબંધ આ બનાવટી કોર્ટમાં સાર્વજનિક કરી દેવામાં આવે છે. રમતના બહાને બાકીના તમામ કલાકારો અચાનક એક સશક્ત 'ન્યાયાધીશ' અને 'સમાજના રક્ષક' નો ચોળો પહેરી લે છે અને બેનારેના ચરિત્ર પર ચારેય તરફથી હુમલા શરૂ કરી દે છે.



વિજય તેંડુલકર

નાટકનો મુખ્ય આત્મા સમાજમાં વ્યાપ્ત બેવડા ધોરણો અને દંભી નીતિમત્તા છે. નાટકના પુરુષ પાત્રો–જેવા કે જજ કાશીકર, વકીલ સુખાત્મે, પોંકશે અને કરાણે–પોતાના વ્યક્તિગત જીવનમાં અત્યંત નિષ્ફળ, કમજોર અને વંચિત માનસિકતા ધરાવે છે. પરંતુ, જ્યારે એક સ્ત્રી પર આંગળી ચીંધવાનો કે તેને કઠેડામાં ઊભી કરવાનો વારો આવે છે, ત્યારે તેઓ અચાનક સંસ્કૃતિ અને નૈતિકતાના મોટા મસીહા બની જાય છે.

બાળકનો પિતા (પ્રોફેસર દામલે) પરિણિત હોવા છતાં અને આ સમગ્ર સંબંધમાં સરખો જ ભાગીદાર હોવા છતાં સમાજમાં પોતાનું સ્થાન જાળવી રાખે છે. તે અદાલતમાં હાજર પણ થતો નથી અને છતાં સમાજ તેને નિર્દોષ ગણે છે, જ્યારે



જ્યારે એક સ્ત્રી પર આંગળી ચીંધવાનો કે તેને કઠેડામાં ઊભી કરવાનો વારો આવે છે, ત્યારે તેઓ અચાનક સંસ્કૃતિ અને નૈતિકતાના મોટા મસીહા બની જાય છે

ગર્ભવતી લીલા બેનારેને એકલીને કઠેડામાં ઊભી રાખીને ગુનેગાર ઠેરવવામાં આવે છે.

સ્વતંત્ર સ્ત્રી પ્રત્યેનો અસંતોષઃ એક આત્મનિર્ભર, ભણેલી-ગણેલી, પોતાના

કર્ટનકોલ

નિર્ણયો જાતે લેતી અને પોતાની શરતો પર જીવતી સ્ત્રી પુરુષપ્રધાન સમાજને ક્યારેય પચતી નથી. બેનારેનો આત્મવિશ્વાસ જ આ પુરુષોના અહંકારને ખૂંચે છે, અને તેથી જ મોક ટ્રાયલના નામે તેઓ તેની આઝાદીને જ એક ગુનો બનાવી દે છે.

સ્ત્રી સંવેદના અને એકલતાની ચરમસીમા

લીલા બેનારેનું પાત્ર ભારતીય નાટ્યસાહિત્યમાં સ્ત્રી સંવેદનાનું એક અદ્ભુત અને અમર ઉદાહરણ છે. તે એક એવી સ્ત્રી છે જે પોતાના જીવનને ઉત્સાહથી જીવે છે, બાળકોને પ્રેમ કરે છે અને માતૃત્વનું સ્વપ્ન જુએ છે. પરંતુ જ્યારે આખી બનાવટી કોર્ટ તેને કાયદા અને નૈતિકતાની જાળમાં ઘેરી લે છે, ત્યારે તેની લાચારી, ભય અને અસહાયતા પ્રેક્ષકોના હૃદયને હચમચાવી મૂકે છે.

નાટકના અંતમાં લીલા બેનારેનો દીર્ઘ આત્મગત સંવાદ (Monologue) આખી કૃતિનો સૌથી હૃદયસ્પર્શી ભાગ છે. તે શૂન્યમનસ્ક થઈને પોતાના અસ્તિત્વ, પ્રેમ, શરીર અને ગર્ભમાં ઉછરી રહેલા બાળકના હક્ક વિશે બોલે છે. તે સ્પષ્ટ કરે છે કે તેનું શરીર અને તેનું અંગત જીવન તેનું પોતાનું છે, પરંતુ આ કઠોર સમાજ તેની પાસેથી એક બાળકની માતા બનવાનો પાયાનો અધિકાર પણ છીનવી લેવા માંગે છે.

'શાંતતા! કોર્ટ ચાલુ આહે' (શાંતિ રાખો! અદાલત ચાલુ છે) માત્ર અદાલતની રૂટિન કાર્યવાહીનો શબ્દ પ્રયોગ નથી. આ શીર્ષક એક ઊંડો કટાક્ષ છે–આ એ હુકમ છે જે સમાજ વર્ષોથી સ્ત્રીઓના અવાજને દબાવવા માટે વાપરે છે. જ્યારે પણ કોઈ સ્ત્રી પોતાના અધિકાર, ઈચ્છા કે સંવેદના માટે બોલવાનો કે સવાલ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે સમાજ 'શાંત રહો' નો આદેશ આપીને તેનો અવાજ રૂંધી નાખે છે.

નાટકકાર વિજય તેંડુલકરે ખૂબ જ ચાલાકીથી એક રમત દ્વારા સમાજના ચહેરા પરથી સભ્યતાનો મુખોટો ઉતારી ફેંક્યો છે. 'શાંતતા! કોર્ટ ચાલુ આહે' એ માત્ર ૧૯૬૭નું નાટક નથી, પણ આજે પણ આપણા સમાજમાં રમાતી એ જ રૂઢિચુસ્ત મનોવૃત્તિનું દસ્તાવેજી ચિત્રણ છે. સ્ત્રી આઝાદી, કૌટુંબિક દંભ અને સામાજિક માનસિકતાને ઊંડાણપૂર્વક સમજનાર દરેક નાટ્યપ્રેમી માટે આ કૃતિ આજે પણ એક ચોટદાર અને મન ઝંઝોડી મૂકે તેવો અનુભવ છે.

હેલિકોપ્ટરમાં હોર્ન કેમ નથી હોતો?

રોજિંદા જીવનમાં આપણે કાર, બાઈક કે ઓટોરિક્ષાના હોર્નનો અવાજ સાંભળવા ટેવાયેલા છીએ. ટ્રાફિકમાં કોઈ આગળ ન ખસે કે કોઈ અચાનક સામે આવી જાય, તો આપણે તરત જ હોર્ન પર હાથ મારી દઈએ છીએ. પણ ક્યારેય વિચાર્યું છે કે કરોડો રૂપિયાના હાઈ-ટેક હેલિકોપ્ટરમાં એક નાનો અમસ્તો હોર્ન કેમ નથી હોતો? જો આકાશમાં વાદળો વચ્ચે ટ્રાફિક થાય તો પાયલોટ સામે વાળાને કેમ કહેતો હશે કે 'ભાઈ, થોડું સાઈડમાં લે!'?

હેલિકોપ્ટરમાં હોર્ન ન હોવા પાછળ વૈજ્ઞાનિક, તકનીકી અને વ્યવહારુ કારણો જવાબદાર છે.

૧. રોટર બ્લેડના અવાજ આગળ હોર્ન નકામો છે

હેલિકોપ્ટરના પંખા જ્યારે મિનિટમાં શેકડો ચક્કર લગાવે છે, ત્યારે ૧૦૦ થી ૧૨૦ ડેસિબલ જેટલો પ્રચંડ અવાજ પેદા થાય છે. આ અવાજની સામે સામાન્ય કે ગાડીનો હોર્ન વગાડવો એટલે કે ચાલુ ડીજે સામે મોઢામાંથી સીટી વગાડવા જેવું છે! જો હોર્ન મૂકવામાં આવે તો પણ તેનો અવાજ કોકપિટમાં બેઠેલા પાયલોટને પોતાને સંભળાય નહીં, તો આસપાસના અન્ય એરક્રાફ્ટ સુધી સંભળાવાનો કોઈ પ્રશ્ન જ નથી ઊભો થતો.

૨. 'પીં-પીં' ને બદલે રડાર અને રેડિયો સિસ્ટમ

આકાશમાં રસ્તો શોધવા કે બીજા એરક્રાફ્ટ સાથે વાતચીત કરવા માટે અવાજની નહીં, પણ એર ટ્રાફિક કંટ્રોલ (ATC) અને વાયરલેસ સિસ્ટમની જરૂર પડે છે.

જો હેલિકોપ્ટરમાં હોર્ન હોત, તો વાદળો વચ્ચે ટ્રાફિક જામ થતાં પાયલોટો એકબીજા સામે 'પોં-પોં' કરીને શાંત આકાશને પણ ટ્રાફિક સિગ્નલ જેવું ઘોંઘાટિયું બનાવી દેત!

પાયલોટ પોતાના સાઉન્ડપ્રૂફ હેડસેટ દ્વારા સીધા ATC અને નજીકના બીજા પાયલોટ સાથે સતત સંપર્કમાં રહે છે. ટ્રાફિક કોલિઝન એવોઈડન્સ સિસ્ટમથી આસપાસના અન્ય એરક્રાફ્ટને સ્કેન કરે છે. જો કોઈ વિમાન કે હેલિકોપ્ટર જોખમી રીતે નજીક આવે, તો સિસ્ટમ પાયલોટને કોકપિટમાં સ્ક્રીન અને ઓડિયો એલર્ટ દ્વારા તરત દિશા બદલવાની સૂચના આપી દે છે.

૩. આકાશ એ રોડ નથી, 3D સ્પેસ છે

જમીન પર વાહનો એક જ સમતલ (2D Surface) પર ચાલે છે, તેથી અથડામણ રોકવા હોર્ન જરૂરી છે. પરંતુ આકાશ વિશાળ અને થ્રી-ડાયમેન્શનલ (3D) છે. આકાશમાં માત્ર 'ડાબે-જમણે' જવાનો રસ્તો નથી હોતો, પરંતુ 'ઉપર-નીચે' જવાની પણ જગ્યા હોય છે. દરેક હેલિકોપ્ટર કે વિમાન માટે ચોક્કસ ઊંચાઈ અને રૂટ નક્કી કરેલા હોય છે. બે એરક્રાફ્ટ વચ્ચે સેંકડો કે હજારો ફૂટનું અંતર જાળવવામાં આવે છે, જેથી 'સામસામે આવી જવાની' શક્યતા નહિવત થઈ જાય છે.

૪. રોશનીથી સિગ્નલિંગ

હેલિકોપ્ટરમાં હોર્ન નથી હોતો, પણ રાત્રે કે ધુમ્મસમાં પોતાની હાજરી બતાવવા માટે વિશેષ નેવિગેશન અને સ્ટ્રોબ લાઈટ્સ હોય છે જેમ કે, ડાબી પાંખ/બાજુએ લાલ અને જમણી બાજુએ લીલી લાઈટ હોય છે, જેનાથી સામે વાળા પાયલોટને ખબર પડે છે કે હેલિકોપ્ટર કઈ દિશામાં જઈ રહ્યું છે. આ તીવ્ર ચમકતી લાલ-સફેદ લાઈટો દૂરથી જ કહી દે છે કે નજીકમાં કોઈ એરક્રાફ્ટ ઉડી રહ્યું છે.

૫. એરોડાયનેમિક્સ અને વજન બચાવવાનો નિયમ

એવિએશન ક્ષેત્રનો પહેલો નિયમ છેઃ 'જે સાધન ફ્લાઈટની સુરક્ષા માટે અત્યંત જરૂરી નથી, તેને દૂર રાખો.'

હેલિકોપ્ટરમાં વધારાની વાયરિંગ, સ્વિચ કે હોર્ન જેવી બિનજરૂરી વસ્તુ ઉમેરવાથી વજન વધે છે અને એરોડાયનેમિક્સ પર અસર પડે છે.

જો હેલિકોપ્ટરમાં હોર્ન હોત, તો વાદળો વચ્ચે ટ્રાફિક જામ થતાં પાયલોટો એકબીજા સામે 'પોં-પોં' કરીને શાંત આકાશને પણ ટ્રાફિક સિગ્નલ જેવું ઘોંઘાટિયું બનાવી દેત!

સદ્નસીબે, એવિએશન ઈજનેરીએ અવાજના ઘોંઘાટને બદલે રડાર અને રેડિયો ટેકનોલોજી પર ભરોસો રાખીને આકાશની સફરને સુરક્ષિત અને શાંત બનાવી છે.

કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ